# શહીદ સ્મારકથી બનશે યુવાઓમાં દેશભાવના પ્રબળ, સેનાની વિવિધ વસ્તુઓ થશે ડિસ્પ્લે

CITY સ્કોપ

આજના ઘણા યુવાઓને કદાચ ખ્યાલ નહીં હોય કે આપણે આઝાદીની હવા લઈ શકીએ એ માટે ઘણી લાંબી લડત સ્વાતંત્ર્ય સેનાનીઓએ અંગ્રેજો સામે ચલાવી હતી. એ સ્વાતંત્ર્ય સેનાનીઓ કોણ હતાં, એમના શૌર્યથી સુરતના યુવાઓ વાકેફ થાય. આપણે શાંતિનું જીવન જીવી શકીએ એ માટે ભારતીય સૈન્યના જવાનો સરહદ પર તૈનાત રહે છે. તેમની વિરતા, શહીદોની શહાદત વિશે સુરતી યુવાઓને માહિતગાર કરી શકાય અને તે થકી યુવા વર્ગમાં જાગૃતિ અને રાષ્ટ્રીય ભાવનાનો સંચાર કરવા વેસુમાં શહીદ સ્મારક- શૌર્ય સ્મારક આકાર લઈ રહ્યું છે. આ સ્મારકમાં વિરતા તો દેખાશે જ સાથે વિશાળ મેદાન રહેશે જ્યાં મુલાકાતીઓને બેસવા માટેની સારી વ્યવસ્થા હશે. સરસ એમ્ફીથિયેટર પણ આ સ્મારકમાં આકાર લઈ રહ્યું છે. આ શહીદ સ્મારકને જોઈને સુરતના યુવાઓને ભારતીય સેનામાં જોડાવા માટે પ્રોત્સાહન પણ મળી શકશે. આ શહીદ સ્મારકમાં સુરતીઓને શું શું જોવા મળશે તેની વાતો અહીં કરીએ...



### મેમરી સ્ક્વેરમાં હશે 34 મી.નો શહીદ સ્તંભ

આ શહીદ સ્મારકમાં મેમરી સ્કવેર બનશે જેમાં 34 મીટર ઊંચો શહીદ સ્તંભ મુખ્ય આકર્ષણ રહેશે. સ્તંભની ત્રણ ભુજાઓ ભારતની ત્રણ મહત્ત્વની શક્તિઓ ભારતીય સેના, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સામાન્ય નાગરિકોના યોગદાનનું પ્રતીક છે. મેમરી સ્કવેરની બાજુમાં બે મેદાન મુલાકાતીઓ માટે બેસવાની વ્યવસ્થા પુરી પાડશે. આ સ્મારકમાં મુખ્ય એન્ટ્રી મેઈન ગેટથી સુશોભિત કરવામાં આવનાર છે અને આગંતુકોને મોટા અશોક ચક્રની પ્રતિકૃતિથી આવકારવામાં આવશે. અરાઈવલ પ્લાઝા પર ભારતીય તિરંગો સ્થાપવામાં આવશે.





### એક્સિસ ઓફ ટાઇમની વચ્ચોવચ પાણીની ચેનલ રહેશે

એક્સીસ ઓફ ટાઈમ ભારતીય ત્રિરંગો, શૌર્ય દ્વાર અને શહીદ સ્તંભના લોકેશનને જોડતી રેખા છે. આ એક્સીસની વચ્ચોવચ પાણીની ચેનલ રહેશે. જેમાં વહેતું પાણી છેડે આવેલા ઓર્ગેનિક પોન્ડમાં ભળી જશે.16 મીટરની ઊંચાઈ ધરાવતું શૌર્ય દ્વાર મુખ્ય દ્વાર છે જે એક્સીસ ઓફ ટાઈમનું ઉદ્ગમ સ્થાન છે.

### તોપ, એરક્રાફ્ટ, નૌસેના અને વાયુસેનાની વિવિધ વસ્તુઓ થશે ડિસ્પ્લે



સુરત મહાનગરપાલિકા શહીદ સ્મારકનો આખો પ્રોજેક્ટ રૂ.51.64 કરોડના ખર્ચે સાકાર કરવા જઈ રહ્યો છે. તેમાં બે ડિસ્પ્લે ગેલેરીઓ બનશે. એક્ઝિબિશન ગેલેરી સ્પેસમાં શહીદ જવાનોની ચીજોના અવશેષો, તોપ, એરક્રાફ્ટ, નૌસેના અને વાયુસેનાની વિવિધ વસ્તુઓ ડિસ્પ્લે કરવામાં આવશે.

### 40 મીટર ઊંચો ફ્લેગ માસ્ટ, યુનિટી સ્કવેર આખા આયોજનનું હાર્દ

શૌર્ય દ્વારની આગળના ભાગમાં 40 મીટરની હાઈટનો ફ્લેગ માસ્ટ રહેશે. ધ્વજ વંદન ઉપરાંતના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ શકે તે માટે યુનિટી સ્કવેર બનશે. જે આખા આયોજનનું હાર્દ સમું છે. આ સ્મારકમાં 2 ઓપન એક્ઝિબિશન એરિયા પણ રહેશે. અત્યારે આ પ્રોજેક્ટની ફેઝ-1 અને ફેઝ-2ની કામગીરી ચાલી રહી છે.



### ઓર્ગેનિક પોન્ડ પર ઇન્ફિનિટી પ્લેટફોર્મ બનાવાશે

ઓર્ગેનિક પોન્ડમાં આખી સાઈટનું સ્ટોર્મ વોટર ભેગું કરવામાં આવશે. આ પોન્ડ પર ઇન્ફીનિટિ પ્લેટફોર્મ બનવા જઈ રહ્યું છે, જ્યાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે. શહીદ સ્મારકનો આખો પ્રોજક્ટ 59419 ચો.મી. જગ્યામાં સાકાર થશે.

---

## સુરતીઓએ સુભાષચંદ્ર બોઝ પર વરસાવ્યો હતો પ્રેમ

# ચૌટાપુલ વિસ્તારમાં નીકળી હતી રેલી, જે વાસણોમાં જમ્યા તે હજી સચવાયા

રીશ્તે

'તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દુંગા' નેતાજી સુભાષચંદ્ર બોઝનું આ સૂત્ર આજે પણ જો કોઈ ભરતીયના કાને અથડાય તો હજી પણ ભારતીયોમાં દેશપ્રેમની ભાવના જાગી જાય છે. નેતાજીની આઝાદ હિન્દ ફોજ વિશે પણ સહુ કોઈ જાણે છે. જોકે, બહું ઓછા લોકોને એ ખ્યાલ હશે કે સુભાષબાબુ સુરતમાં ચૌટાપુલ તરફથી બગીમાં પસાર થયા હતા. 1937માં જ્યારે બારડોલીમાં કોંગ્રેસનું અધિવેશન આયોજિત થયું હતું તેમાં સુભાષબાબુને નેશનલ કોંગ્રેસના પ્રમુખ પણ બનાવાયા હતાં. જ્યારે તેમના પગરવ સુરતમાં થયા હતા તેની યાદો હજી પણ કોઈને કોઈ સ્વરૂપમાં સુરતીઓએ સાચવી રાખી છે. સુભાષબાબુની એવી કઈ વસ્તુઓ સાચવીને રાખી છે જે સુરતીઓ માટે કાયમનું સંભારણું બની ગયું છે, અને તેમણે સુરતમાં કોના ઘરે રાતનું ભોજન લીધું હતું, તેઓ જે ઘોડાગાડીમાં બેઠા હતા તે ઘોડાગાડી કોણે હંકારી હતી, તેના વિશે વિસ્તૃતમાં સુભાષબાબુની જન્મ જયંતિ નિમિતે જાણીએ...



### બગીમાં સુભાષબાબુ ચૌટાપુલ તરફથી પસાર થયા હતા

મોઇશભાઈ ઘણા ધનાઢય વ્યક્તિ હતાં, એ સમયે તેમની પાસે ચાર ઘોડાગાડી હતી. જેમાં એક વિક્ટોરિયા અને બીજી સિગ્રામ ઘોડાગાડી તો ખાસ્સા વર્ષ સુધી તેમની પાસે રહી હતી. જ્યારે સુભાષબાબુ સુરત આવ્યા અને તેમની શોભાયાત્રા ચૌટાપુલ પાસેથી નીકળી હતી ત્યારે તે ઘોડાગાડી મોઇશભાઈ હંકરતા હતાં. આ બગીમાં પાછળ નેતાજી બેઠા હતા, એ સમયે તેમનું લોકોએ ફુલોના હાર પહેરાવી સ્વાગત કર્યું હતું. ત્યારે તો હકડેઠઠ પબ્લિક ભેગી થઈ ગઈ હતી. આ શોભાયાત્રામાં અમુક લોકો ખુલ્લી જીપમાં સવાર હતાં.

### 2005માં SMCએ અહીં બનાવ્યું સ્મારક

1939માં નેતાજી સુભાષચંદ્ર બોઝ સુરતની મુલાકાતે આવ્યા હતાં ત્યારે ઝવેરી બજારમાં સુભાષચંદ્ર બોઝનું સાચા મોતીઓથી સ્વાગત બાદ ઝવેરી બજાર સુભાષ ચોક તરીકે ઓળખાવા લાગ્યું. 2005માં અહીં SMC દ્વારા સુભાષબાબુનું સ્મારક બનાવવામાં આવ્યું હતું. 23 જાન્યુઆરીએ નેતાજીની જન્મ જયંતિ પર અહીં દર વર્ષે શ્રદ્ધા સુમન અર્પણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. કહેવાય છે કે જ્યારે નેતાજી પર સાચા મોતી વરસાવવામાં આવ્યા ત્યારે નીચે જમીન પર મોતી વેરાયા હતા. જે ત્યાં ભેગા થયેલા કેટલાક લોકોએ મુઠ્ઠીમાં લીધા હતા આ મોતીઓએ તેમને સમૃદ્ધ બનાવ્યા હતા. સ્વાગત વખતે ઝવેરી બજારને સાચા મોતીઓના તોરણથી સજાવાયું હતું.




### નેતાજીની સુરત મુલાકાતના ફોટો સાચવી રાખવામાં આવ્યા છે

મોગલ પરિવારમાં આજે પણ સુભાષચન્દ્ર બોઝના ડિનર ટેબલ પર બેઠેલા અને ચૌટાપુલમાં તેમની શોભા યાત્રામાં બગીમાં સવાર ફોટા પણ આ પરિવાર દ્વારા લગભગ 86 વર્ષથી ખૂબ જ જતનપૂર્વક સાચવી રાખવામાં આવ્યા છે. બ્લેક એન્ડ વ્હાઇટ આ ફોટા આટલા વર્ષો બાદ પણ જરા પણ ખરાબ નથી થયા. જોકે, ઝાંપા બજાર દેવડીમાં જે ઘરમાં નેતાજી આવ્યા હતાં તે મકાન હવે નથી. પરિવાર અન્યત્ર શિફ્ટ થયો છે પણ સુભાષબાબુની સુરત મુલાકાતના કેટલાંક ફોટા વ્યવસ્થિત રીતે સાચવવામાં આવ્યા છે.



### જે વાસણોમાં જમ્યા હતા તે હજી પણ સચવાયા છે

શુભાષ ચંદ્ર બોઝ સુરત આવ્યા હતા ત્યારે તેમણે ઝાંપા બજારમાં દેવડીમાં મોઇશ મોહમ્મદઅલી મોગલના પરિવારના સાથે ભોજન લીધું હતું. આ અંગે સબીના મોગલે જણાવ્યું કે મારા પિતા મોઇશભાઈ મોગલ સુરતમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ હતાં. સુભાષબાબુ જે વાસણોમાં જમ્યા હતા તે વાસણો હજી પણ અમારા પરિવારમાં સાચવી રાખવામાં આવ્યા છે. પોર્સલીનના (ચીનાઈ માટીના) આ વાસણો જાપાનથી મંગાવવામાં આવ્યા હતાં. જાપાનની નોરી ટાકે કમ્પનીના એક્સપેન્સિવ વાસણો આજે પણ સાચવી રાખવામાં આવ્યા છે. નાની મોટી સાઈઝની પ્લેટ્સ, બાઉલ, ચમચી, ચાના કપ સહિતના આ વાસણો ખૂબ જતનપૂર્વક રાખવામાં આવેલ છે. આ વાસણોમાં સબીનાબેનની દાદીના નામનો મોનોગ્રામ પણ દેખાય છે. આ પરિવાર આ વાસણોમાં જમે પણ છે.


---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## દેશનો નાગરિક આજે પણ છે દીન, પણ અમે ઉજવીશું પ્રજાસત્તાક દિન...




ફૂંકે જે બણગાં વિકાસના, એવા છે નેતા આપણા દેશના... દર વર્ષે આપે તિરંગાને સલામી પણ દેશના નાગરિકનું જીવન છે, આજે પણ રાજકીય ગુલામી... નથી પ્રજાના તન પર કપડાં પણ નેતા પહેરે છે ખાદીનાં કપડાં... પ્રજા છે પ્રજાસત્તાકના સાત દાયકે પણ દીન, પરંતુ નેતા ફરી ઉજવશે પ્રજાસત્તાક દિન...